# પુરાતત્વ વિભાગ દ્વારા ખોદકામ વેળા મળેલ મૂર્તિઓ ધાર્મિક સંગઠનને સુપરત કરવા અંગેની વિગતો

અમોએ ગુજરાત સરકારના મહેસુલ વિભાગ અને પુરાતત્વ નિયામક પાસેથી નીચે મુજબની વિગતો માહિતી અધિકાર કાયદા હેઠળ માંગેલી.

*"[1] છેલ્લાં 10 વર્ષ માં સમગ્ર ગુજરાતમાં ખોદાણકામ દરમિયાન હિંદુ તથા જૈન ધર્મની મૂર્તિઓ મળી હોય તેની વિગતો આપશો.*

*[2] જે તે સમયે મળેલ મૂર્તિ જો કોઈ ધાર્મિક સંગઠનને સુપરત કરી હોય તો તે અંગે થયેલ હુકમોની નકલો આપશો.*

*[3] મૂર્તિના કબજા લેવા બાબત કોઈ સંગઠન કે વ્યક્તિ દ્વારા ગુજરાત હાઈકોર્ટ માં રીટ અરજી થયેલ હોય અથવા સીવીલ કોર્ટમાં દાવા થયા હોય કે સચિવશ્રી મહેસુલ વિભાગમાં રીવીઝન અરજી થયેલ હોય તો તેની વિગતો તથા નંબરો આપશો."*

મહેસુલ વિભાગ દ્વારા માહિતી અધિકાર કાયદા હેઠળ જે વિગતો મળેલ તે મુજબ પ્રતિમાઓની માલિકી સરકારની જ રહે છે પરંતુ સરકાર વતી કાળજી લેવાના હેતુથી કેટલીક શરતોને આધીન પ્રતિમાઓ ધાર્મિક સંસ્થાઓને આપવામાં આવે છે. વર્ષ 2004માં વિસનગરમાંથી પ્રતિમાઓ અને સોનાના દાગીના મળેલ. તેમાંથી જે પ્રતિમાઓ ખંડિત એટલેકે અપૂજનીય હતી તે

પુરાતત્વ ખાતાને આપવાનું નક્કી કરવામાં આવ્યું. જે પ્રતિમાઓ પૂજનીય હતી તે જૈન સંપ્રદાયના ટ્રસ્ટને સોંપવાનું નક્કી થયું. જો કે પ્રતિમાઓમાંથી કઈ પ્રતિમા શ્વેતાંબર સંપ્રદાયની અને કઈ પ્રતિમા દિગંબર સંપ્રદાયની, તે પુરાતત્વ નિયામકશ્રી તથા કલેક્ટરની હાજરીમાં બંને સંપ્રદાયના ટ્રસ્ટ નક્કી કરશે. તેવું નક્કી થયું. સામાન્ય રીતે પૂજનીય પ્રતિમાઓ દેરાસરમાં રાખવાની અને તેની નોંધણી નિયામક, પુરાતત્વ વિભાગમાં કરાવવી એવો આદેશ થયેલ. આ પ્રતિમાઓ વેચી શકાય નહી, ધાર્મિક ક્રિયા સિવાય બીજો કોઈ ઉપયોગ કરી શકાય નહી, તેનું કોઈ સમારકામ કે સુધારાવધારા કરી શકાય નહી. જે સ્થળે આ મૂર્તિની સ્થાપના કરવામાં આવે તે સ્થળની મુલાકાત પુરાતત્વ ખાતાના અધિકારી, કલેક્ટર, મહેસુલ વિભાગનાં અધિકારી કોઈપણ સમયે લઈ શકે અને મૂર્તિની તપાસણી કરી શકે તેવી ખાસ જોગવાઈ કરવામાં આવે છે. ઉપરાંત પુરાતત્વ ખાતાના અધિકારીઓ, ઈતિહાસનાં સંશોધનકારો, અભ્યાસુઓ કે વિદ્યાર્થીઓને અભ્યાસ માટે કોઈપણ જાતનાં બાધ વિના જરૂરી સવલત આપવાની રહેશે.

મળેલ દાગીના પુરાતત્વ ખાતાને આપવાનો હુકમ થયેલ.

વર્ષ 2003માં પાટણમાં મળેલ પ્રતિમાઓ અલગ દેરાસર બનાવીને જૈન ટ્રસ્ટ રાખી તેવો હુકમ મહેસુલ વિભાગે કરેલ. વર્ષ

2012માં શંખલપુર તાલુકા, બેચરાજી, જિ. મહેસાણામાં મળેલ

પ્રતિમાઓ પણ જૈનસંઘને આપવા માટે હુકમ થયેલ.

સરકારે કરેલ હુકમો જોતાં એવું પણ ધ્યાને આવેલ કે

કેટલાક કિસ્સાઓમાં જે તે જિલ્લામાંથી મળેલ પ્રતિમાઓ અન્ય

જિલ્લાનાં જૈન ટ્રસ્ટને આપવા હુકમ થયેલ.

ખોદાણકામ પુરાતત્વ નિયામક, પુરાતત્વ ખાતુ, ગુજરાત

સરકાર, જુની વિધાનસભા બિલ્ડીંગ, ફાયરબ્રિગેડ પાસે, સેક્ટર-

17, ગાંધીનગરની દેખરેખ હેઠળ થયેલ. પરંતુ ટ્રસ્ટોને આપવાના

હુકમો નાયબ સચિવ મહેસુલ વિભાગ દ્વારા થયેલ.

નિમિષ એમ. કાપડિયા, એડવોકેટ
5,બાળગાયત્રી સોસાયટી-2,
શ્યામલ ચાર રસ્તા પાસે,
સેટેલાઇટ, અમદાવાદ.
ફોન: 079-26762762, 26751545
Email-Id
mckapadiaassociates@gmail.com